# ઉત્તર ગુજરાતની ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો પડતર માંગણીઓ મુદ્દે લડતના મૂડમાં

## ભાજપ પ્રદેશ પ્રમુખને રજૂઆત કરાશે ત્યારબાદ નિર્ણય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

રાજયમાં શિક્ષણ ક્ષેત્રે અનેક પ્રશ્નો પડતર પડ્યા છે. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકો અન્યાય મુદ્દે જાહેરમાં આક્રોશ પણ વ્યક્ત કરતા હોય છે ત્યારે રાજય સહિત ઉત્તર ગુજરાતની ગ્રાન્ટેડ સ્કુલોમાં છેલ્લા ૨ વર્ષથી સરકારે સળંગ નોકરી સહિતના પ્રશ્નોના ઉકેલની ખાત્રી આપ્યા પછી આવતા વર્ષે સરકારની ૫ વર્ષની ટર્મ પૂર્ણ થાય છે છતાં શિક્ષણ વિભાગ ગ્રાન્ટેડ શાળાના શિક્ષકોની પડતર માંગણીઓના ઉકેલ ન લાવતાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકો ભાજપ પ્રદેશ પ્રમુખને મળી પડતર માંગણીઓ બાબતે ઉકેલ લાવવા રજૂઆત કરશે અને ત્યારબાદ ભાવિ રણનીતિ નક્કી કરશે તેમ જાણવા મળ્યું છે.

મે. મહિનામાં બોર્ડની પરીક્ષા યોજાવવાની છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ, મહેસાણા સહિત રાજ્યના ૩૩ જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો પોતાની પડતર માંગ બાબતે જિલ્લા અને રાજય સંઘના આગેવાનો ઉપર દબાણ ઉભું કર્યું છે. જાણવા મળ્યા મુજબ માર્ચ-૨૦૧૯માં યોજાયેલી પરીક્ષા સમયે માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા પડતર પ્રશ્નોના ઉકેલ માટે આંદોલનની જાહેરાત થઈ હતી પરંતુ સરકારે તે સમયે આંદોલનની ખાત્રી આપતાં બોર્ડ પરીક્ષા આપનારા છાત્રોની કારકીર્દીને ધ્યાને રાખી આંદોલન સ્થગિત થયું હતું ત્યાર પછી ૨ વર્ષનો સમયગાળો પસાર થયો પરંતુ સરકારે સળંગ નોકરી સહિતની અનેક પડતર માંગણીઓ મુદ્દે ઉકેલ લાવવામાં કોઈ ઉત્સાહ દાખવ્યો નથી. જેથી હવે આગામી મે. મહિનામાં બોર્ડ પરીક્ષા યોજાવવાની છે તે અગાઉ પોતાની પડતર માંગણીઓ ન સંતોષાય તો રાજયની તમામ ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષકો ઉગ્ર આંદોલનની તરફેણ કરી રહ્યા છે. પરંતુ તે અગાઉ ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલને સંઘના આગેવાનો મળી શિક્ષકોના પડતર પ્રશ્નોની રજૂઆત કરશે ઉકેલ આવે તો ઠીક નહીંતર શિક્ષકો પછી જંગ કરશે તે નિશ્ચિત છે.

# આનંદો : સાબરકાંઠાના ૫ ગામોનો પ્રધાનમંત્રી આદર્શ ગ્રામમાં સમાવેશ

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૨૫

ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના અમલી બનાવાઈ છે જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના ત્રણ અને ઈડરના બે ગામોનો સમાવેશ કરાયો છે જેમાં આ ગામોમાં ભૌતિક અને આંતરમાળખાકીય સુવિધા વિકસાવવા અંગે ફાળવેલ ગ્રાન્ટ અને કામોની સમીક્ષા બેઠક જિલ્લા કલેકટર ડૉ. રાજેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાઈ હતી.

દેશના ગ્રામિણ વિકાસ મંત્રાલય દ્વારા ૧૬ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ભાદરડી, કુંપ અને સઢા જયારે ઈડરના મહિવાડા અને ઈસરવાડા ગામનો સમાવેશ કરાયો હતો. જેમાં આ ગામેમાં પીવાના પાણી, રસ્તાઓ શાળા, આંગણવાડી, આરોગ્ય કેન્દ્ર સહિત પાયાની તમામ સુવિધાઓથી સજ્જ કરવા જિલ્લાકક્ષાએ અનુસરણ સમિતિ અમલી બનાવાઈ અને વિકાસના કામો હાથ ધરાયા છે જેમાં ઈસરવાડામાં રૂ. ૨૦ લાખ, મહિવાડામાં રૂ.૧૧.૯૫, ભાદરડીમાં રૂ. ૨૦.૭૫, કુંપમાં ૨૦.૦૭ અને સઢામાં રૂ. ૨૦.૦૩ લાખ મળી કુલ ૯૦ લાખથી વધુના વિલેજ ડેવલોપમેન્ટ પ્લાન્ટ રજૂ કરાયો છે જેમાં તમામ ભૌતિક-આંતરમાળખાકીય સુવિધાને આવરી લેવામાં આવશે.

બેઠકમાં કલેકટરે વિકાસકાર્યોમાં ગુણવત્તા સાથે ત્વરીતા દાખવવા ખાસ અનુરોધ કર્યો હતો. અનુસરણ સમિતિના અમલીકરણ અધિકારીઓમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક ડામોર સહિત અન્ય અધિકારીઓ ઉપસ્થતિ રહ્યા હતા.

- **પાંચ ગામો માટે રૂ. ૯૦ લાખથી વધુનો વિલેજ ડેવલપમેન્ટ પ્લાન્ટ રજૂ કરાયો**
- **પીવાના પાણી, રસ્તાઓ , શાળા, આંગણવાડી, આરોગ્ય કેન્દ્ર સહિત પાયાની તમામ સુવિધાઓથી સજ્જ કરાશે**
- **ગામોમાં ભૌતિક અને આંતરમાળખાકીય સુવિધા વિકસાવવા અંગે ફાળવેલ ગ્રાન્ટ અને કામોની સમીક્ષા કરાઇ**
- **સાબરકાંઠા જિલ્લાની સરકારી કચેરીઓમાં ખદબતા ભ્રષ્ટાચારની બુમરાડ વચ્ચે કલેકટરે વિકાસ કાર્યોમાં ગુણવત્તા સાથે ત્વરીતા દાખવવા ખાસ અનુરોધ કર્યો**

# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં લૉકડાઉન સમયે મધ્યાહન ભોજનનો જથ્થો સડી ગયો, તંત્ર કંઈ બોલવા તૈયાર નથી

### સસ્તા અનાજની દુકાનોમાં કેટલો જથ્થો સડ્યો, તંત્રનું નરોવા કુંજરોવા...!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની પ્રા.શાળાઓમાં મધ્યાહન ભોજન હેઠળ મોકલવામાં આવેલી ચણાદાળ સહિતનો જથ્થો ગત વર્ષે લૉકડાઉન દરમ્યાન કેટલીક સસ્તા અનાજની દુકાનોમાં વપરાશ વગર સડી ગયાની સનસનીખેજ વિગતો સામે આવી છે. સડી ગયેલો જથ્થો સગે વગે કરી જિલ્લાનું પુરવઠા તંત્ર મૌન બની ગયું છે. ત્યારે સવાલ એ ઉભો થાય છે કે સ્ટોક મેન્ટેન કેવી રીતે કરાયો..?? આ અંગે તંત્રએ ચૂપકીદી સેવીને મૌન ધારણ કરી લીધું છે. જિલ્લા કલેક્ટર દ્વારા સસ્તા અનાજની દુકાનોમાં મધ્યાહન ભોજનનો ફાળવેલો જથ્થો સડી ગયાની વિગતો માંગવામાં આવે તો હડકંપ મચી જાય તેવી સ્થિતિ છે.

જિલ્લામાં ૨૦૨૦ના માર્ચ મહિનામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બની જતાં લૉકડાઉનનો કડક અમલ શરૂ થયો. ૨ મહિના ઉપરાંત અસરકારક લૉકડાઉનના કારણે જનજીવન થંભી ગયું હતું પરંતુ સરકાર દ્વારા આવશ્યક ચીજવસ્તુઓની હેરાફેરી ઉપર કોઈ રોક લગાવવામાં આવી ન હતી. લૉકડાઉન પૂર્વે બંન્ને જિલ્લાની શાળાઓમાં મધ્યાહન ભોજનનો જથ્થો પહોંચી ગયો હતો પરંતુ તેને સાચવી રાખવાની કોઈ સ્પષ્ટ સૂચના આપવામાં ન આવતાં સસ્તા અનાજના દુકાનદારો જથ્થો સંગ્રહીને મુશ્કેલીમાં મૂકાઈ ગયા હતા. કેટલાક દુકાનદારોએ આ અંગે તંત્રનું ધ્યાન દોર્યું હોવા છતાં કોઈ જ માર્ગદર્શન મળ્યું ન હોવાના કારણે ગત વર્ષે મધ્યાહન ભોજનનો જથ્થો દુકાનોમાં જ સડી ગયો હોવાની વિગતો ચર્ચામાં આવી છે. જિલ્લાની કેટલીય દુકાનોમાં આ જથ્થો લૉકડાઉનમાં પડી રહેતાં શાળાઓમાં આપી શકાયો ન હતો. જેને પગલે કેટલાક જાગૃત દુકાનદારો દ્વારા પુરવઠા વિભાગના અધિકારીઓનું ધ્યાન દોરવામાં આવ્યું હતું પરંતુ સમયસર કોઈ યોગ્ય નિર્ણય લેવાયો ન હોવાના કારણે સસ્તા અનાજની દુકાનોમાં જ મધ્યાહન ભોજન યોજનાનો પુરવઠો બગડી ગયો હોવાની વાતો ૧ વર્ષે બહાર આવી છે. જો આ અંગેની વિભાગ દ્વારા તટસ્થ તપાસ થાય તો હજારો કીલો મધ્યાહન ભોજનના ચણાદાળ, દેશી ચણા, તુવર દાળ અને તેલ સહિતના જથ્થાની લૉકડાઉનમાં બગડી ગયો હોવાના નામે ગોલમાલ તો નથી કરવામાં આવી ને..?? તેની વિગતો બહાર આવી શકે છે.

**મારી પાસે આવી કોઈ ફરિયાદ આવી નથી : ચીફ સપ્લાય ઈન્સ્પેક્ટર**

બાયડ : અરવલ્લી જિલ્લા ચીફ સપ્લાય ઈન્સ્પેક્ટર જીતેશભાઈ દેસાઈનો સંપર્ક કરતાં લૉકડાઉન દરમ્યાન શાળાઓમાં પહોંચાડવાનો મધ્યાહન યોજનાનો પુરવઠો કેટલીક સસ્તા અનાજની દુકાનોમાં પડી રહીને બગડી ગયો હોવા અંગેની મારી પાસે કોઈ ફરિયાદ આવી ન હોવાનું જણાવ્યું હતું.

**પુરવઠો બગડ્યો હોય તો જવાબદારી કોની..?? સો મણનો સવાલ**

બાયડ : જિલ્લાની શાળાઓમાં મધ્યાહન ભોજન અંતર્ગત આપવામાં આવતો સરકારી જથ્થો ગત વર્ષે લૉકડાઉનમાં પડી રહીને કેટલીક સસ્તા અનાજની દુકાનોમાં બગડી ગયો હોવાની ફરિયાદ ચર્ચામાં છે ત્યારે જો પુરવઠો બગડી ગયો હોય તો જવાબદારી કોની..?? સો મણનો સવાલ ઉભો થયો છે. સસ્તા અનાજના દુકાનદારોએ ધ્યાન દોર્યું હોય તો પછી પુરવઠા વિભાગે કેમ જે તે સમયે યોગ્ય નિર્ણય ન લીધો..?? વગેરે સવાલો ચર્ચાનો વિષય બન્યા છે.

# હોળી તહેવારના આગમન પૂર્વે બજારોમાં ધાણીના ભઠ્ઠા ધમધમ્યા...

### પણ કોરોના કેસો વધતા બજારોમાં માંગમાં ઘટાડો...

ગાંભોઈ, તા.૨૫

હોળી પર્વના હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ગ્રામ્ય અને શહેરની બજારોમાં ખજૂર-ધાણી થી બજારો ધમધમી ઉઠયા છે. મકાઈ-જુવારની ધાણી ફોડી વેચાણ કરતાં વેપારીઓએ ધાણી ભઠ્ઠાનો આરંભ કરી હોળી તહેવારમાં ધાણીની માંગને પૂરી કરવા ધાણી ફોડવાના કામે પરોવાયા છે. પણ ચાલુ વર્ષે માર્ચ મહિનામાં કોરોનાના કેસો વધી જતાં તેની અસર બજારોમાં જોવા મળી છે જેના કારણે બજારોમાં માંગ ઘટી છે.

હોળી પર્વ પર ખજૂર ધાણીનો પ્રસાદ ખાવાનું ખાસ મહત્વ રહેલું છે. મૂળ રાજસ્થાનના વતની અને હાલ ગાંભોઈમાં મકાઈની ધાણીનો ભઠ્ઠો ચલાવતા વેપારી નારણભાઈ આર્ય જણાવે છે કે હાલ હોળીના આગમન પહેલા જ ગ્રામ્ય અને શહેરોમાંથી નાના-મોટા રીટેલ વેપારીઓની સારી મકાઈની ધાણી અને જુવારની ધાણી માટે ભારે માંગ રહેતી હોય છે. પણ ચાલુ વર્ષે ફરી કોરોના મહામારીએ માથું ઉચકતા માર્ચ મહિનામાં કોરોનાના કેસો વધી ગયા છે. જેની સીધી અસર બજારોમાં જોવા મળી રહી છે. મકાઈ ધાણીનો ગયા વર્ષે પ્રતિ એક કિલ્લોના છૂટક ભાવ રૂ.૧૫૦ હતો. જેમાં આ વર્ષે રૂ.૩૦નો ઘટાડો થતાં એક કિલ્લોના રૂપિયા ૧૨૦ ભાવ છે જ્યારે જુવારની ધાણીના ગયા વર્ષે પ્રતિ એક કિલ્લોના રૂ.૧૨૦ ભાવ હતાં. જે ઘટીને ચાલુ વર્ષે એક કિલ્લોના રૂ.૧૦૦ માં બજારમાં વેચાણ થઈ રહ્યું છે. જ્યારે ખજૂરમાં ઈરાની, સીડલેસ, રેહાન બ્લેક, પીઆર વગેરે ખજૂરની વિવિધ જાતોમાં એક કિલ્લોના રૂ.૮૦ થી માંડીને રૂ.૧૫૦ સુધી ખજૂરનું વેચાણ થઈ રહ્યું છે. વર્ષોની પરંપરા મુજબ હોળી પર્વે નવપરિણીત યુગલો પોતાનું દાંપત્યજીવન સુખી નીવડે તે હેતુથી લગ્ન પછીની પહેલી હોળીએ રાત્રે હોળી દહન દરમિયાન પ્રદક્ષિણા ફર્યાબાદ ધાણીનો હોમ કરી હોળીકાના આશીર્વચન મેળવે છે. જ્યારે શ્રદ્ધાળુ લોકો પણ પ્રદક્ષિણા કરી હોળીકા દહનમાં ધાણીનો હોમ કરી આગામી સારા વર્ષની અભિલાષા સાથે ધાણી અને ખજૂર પ્રસાદરૂપે વહેંચતા હોય છે. હોળી પર્વની આ વર્ષો જૂની પરંપરા અને શ્રદ્ધા આજે પણ ગ્રામ્ય અને શહેરોમાં જોવા મળે છે.



**હોળી પ્રદક્ષિણામાં ધાણી અને ખજૂર પ્રસાદરૂપે વહેંચાય છે. નવ પરિણીત યુગલો હોળીમાં ધાણીનો હોમ કરી આશીર્વચન મેળવે છે...**

# ધનસુરા વિશ્વકર્મા મંદિર ખાતે દિવ્યાંગ જનોને સાધન સહાય વિતરણનો કાર્યક્રમ યોજાયો

ધનસુરા, તા. ૨૫

ધનસુરા વિશ્વકર્મા મંદિર ખાતે દિવ્યાંગ જનોને સાધન સહાય વિતરણ નો કાર્યક્રમ યોજાયો હતો અરવલ્લી સાબરકાંઠા ફિજીકલી હેન્ડીકેપ્ડ મંડળ અને અન્ય જુદી સંસ્થાઓ ધ્વારા દિવ્યાંગ જનોને સાઈકલ સહિત સાધનો વિતરણ કરવામાં



આવ્યું હતું ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ન્યુ દિલ્હી અનુદાનિત શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ પાટણ સંચાલિત એડીપ સ્કીમ અંતર્ગત દિવ્યાંગ સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો હતો જેમાં અલગ-અલગ પ્રકારના સાધનો આપવામાં આવેલ જેમાં ટ્રાયસિકલ, વ્હીલચેર, બગલ ઘોડી સ્ટીક, કેલીપર, જયપુર ફુટ વગેરે વિતરણ કરવામાં આવ્યું.

જેમાં વિનુભાઈ પટેલ,જિલ્લા સદસ્ય હિરેન પટેલ,મહેશ પટેલ જિલ્લા સમાજ સુરક્ષાઅધિકારી વિ.બી.પટેલ, કૃતિકાબેન પટેલ સહિત દિવ્યાંગ જનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અરવલ્લી સાબરકાંઠા ફિજીકલી હેન્ડીકેપ્ડ મંડળ દ્વારા દિવ્યાંગ જનો માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે

# સંક્ષિપ્ત સમાચાર..


## મોડાસાની એફ.યુ. મલેક શાળામાં રસીકરણ કાર્યક્રમ યોજાયો

બાયડ : કોરોનાની મહામારીએ ફુંફાડો મારતાં સરકારે રસીકરણ ઉપર વધુ તાકાત લગાડી છે ત્યારે મોડાસાના કસ્બા વિસ્તારમાં આવેલી એફ.યુ. મલેક શાળામાં કોરોના વેક્સિનેશન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં સંસ્થાના પ્રમુખ હનીફભાઈ બેલીમ તેમજ હોદ્દેદારોએ ઉપસ્થિત રહી ૫૦ વર્ષથી વધુની વયના તેમજ ગંભીર રોગ ધરાવતા વ્યક્તિઓને કોરોના વેક્સિન મૂકાવવામાં કોઈ જોખમ નથી તેમ સમજાવી રસી લેવા માટે અનુરોધ કર્યો હતો.



## ગ્રોમોર-હિંમતનગરમાં ઓટોમોબાઈલ સેક્ટર માટે વેબિનાર યોજાયો

બાયડ : ગ્રોમોર કેમ્પસ, હિંમતનગરમાં એમ.બી.એ., બી.બી.એ., બી.કોમ, બી.સી.એ., મિકેનિકલ એન્જીનિયરીંગ વિભાગના છાત્રો માટે ઈન્ડીયન ઓટોમોબાઈલ સેક્ટરમાં કારકીર્દી માટેનો વેબિનાર યોજાયો. તજજ્ઞ તરીકે નિશિત જોષીએ ઉપસ્થિત રહી છાત્રોને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. વેબિનારનું આયોજન એમ.બી.એ., બી.બી.એ. વિભાગના એચ.ઓ.ડી. દ્વારા કરવામાં આવ્યું. વેબિનારના સફળ આયોજન બદલ સંસ્થાના ટ્રસ્ટી ડૉ.બી.એલ.પટેલ, એમ.એલ.પટેલ, જે.ડી.પટેલ વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.



## ધ ગુડ હ્યુમન બિઈંગ ફાઉન્ડેશન દ્વારા માર્ગ સલામતી જાગૃતિ અભિયાન

બાયડ : ધ ગુડ હ્યુમન બિઈંગ ફાઉન્ડેશન માર્ગ સલામતી માટે પ્રયત્નશીલ છે. તાજેતરમાં માણસા, કલોલ, દહેગામ અને ગાંધીનગર તાલુકામાં માર્ગ સલામતી માટે વિવિધ કાર્યક્રમો યોજાયા. માર્ગ સલામતી માટે પ્રતિજ્ઞા, પ્રાથમિક તાલીમ, સલામતી માટે સાહિત્યનું ફ્રી વિતરણ, માર્ગ સલામતી માટે હું શું કરી શકું તે વિષય ઉપર નિબંધ અને ચિત્ર સ્પર્ધા યોજાઈ ગઈ જેમાં કેન્દ્ર સરકારના માર્ગ પરીવહન તથા હાઈવે વિભાગ, નેશનલ હાઈવે ઓથોરીટી, સાબરકાંઠા કલેક્ટર, આર.ટી.ઓ.ના સંકલનમાં માર્ગ સલામતી જાગૃતિ અભિયાન ચાલી રહ્યું છે. ૫૦૦ થી વધુ યુવાનોને હોસ્ટેલ, કોલેજમાં જઈ માર્ગ સલામતીની તાલીમ તથા પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. માર્ગ સલામતી રથ દ્વારા ગાંધીનગરના વિવિધ જાહેર સ્થળો જેમાં પેટ્રોલ પંપ, શોપીંગ સેન્ટરમાં ૧૦૦૦ લોકોને માર્ગ સલામતીની જાગૃતતા ફેલાવી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હોવાનું જણાવ્યું છે.



# ગાંભોઈમાં દૂધનું ટેન્કર પલટી મારતા દૂધની રેલમછેલ...

ગાંભોઈ, તા.૨૫

સાબરકાંઠામાંથી પસાર થતા નેશનલ હાઈવેનું હાલ સિક્સ લેંનની કામગીરીનું કામ ગોકલગતિએ ચાલી રહ્યું છે જેના કારણે ઠેરઠેર જગ્યાએ હાઈવે સાઈડો પર ખોદકામ કરેલ છે અને અનેક જગ્યાએ સર્વિસ રોડ પર ડાયવર્ઝન આપેલા છે. ડાયવર્ઝન માર્ગ પર મસમોટા ખાડા પડી જવા થી અનેકવાર અકસ્માતની ઘટનાઓ બનતી જ રહી છે ત્યારે હિંમતનગર તાલુકાના ગાંભોઈ ગામે ઓવરબ્રિજ બનવાની કામગીરી ચાલુ હોવાથી ગાંભોઈ બજારોમાં રોડ સાઈડમાં ખાડાઓ ખોડલ છે અને સર્વિસ રોડ પર ડાઈવર્ઝન આપેલ છે ત્યારે ગુરૂવારના બપોરના બે વાગ્યે ના સમયે શામળાજી તરફથી આવતી અને હિંમતનગર તરફ જતી સાબરડેરીની એક ટેક્રર એકાએક આ ખરાબ રોડ ના કારણે રોડની સાઈડમાં પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં ટેક્રર લીકેજ થવાથી તેમાં ભરેલું આઠ હજાર લીટર જેટલું દૂધ રસ્તા પર વહી ગયું હતું. દૂધનું ટેક્રર પલટી મારવાની ઘટનાની જાણ આજુબાજુના સ્થાનિક લોકોને થતા લોકો ઘરમાંથી ડોલ, કીટલઈ, કેરબા, તગારા જેવા વાસણો લઈને ઘટના સ્થળ પર પહોંચ્યા હતા અને રસ્તા પર ઢોળાતા દૂધને એકત્રિત કરવાનું શરૂ કર્યું હતું દૂધ ઢોળાવાના કારણે રોડ પર દૂધના ખાબોચિયા ભરાઈ ગયા હતા. આ ઘટનામાં ટેક્રર ચાલક અને બાજુમાં બેઠેલ એક અન્ય વ્યક્તિને નાની મોટી ઈજાઓ થતાં ગાંભોઈ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરવામાં આવ્યા હતા.



# માલપુર નાગરિક બેન્કના મેનેજર સાથે ગાળાગાળી કરનાર ભાજપના કાર્યકર સામે ફરિયાદ

### પોલીસે લૂંટ તેમજ ધમકી આપ્યાનો ગુનો નોંધ્યો, ફરી રાજકારણ ગરમાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

માલપુર નાગરિક બેન્કના મેનેજર વસંતભાઈ નવનીતલાલ મહેતાને બેન્કની સામાન્ય સભા દરમ્યાન બિભત્સ ગાળાગાળી કરી પેટા કાયદાબુક અને ઠરાવ બુક ફાડી નાખી ધમકી આપનાર જિલ્લા ભાજપ યુવા મોરચાના મહામંત્રી કશ્યપ હસમુખભાઈ પટેલ(રહે.જેસીંગપુર, તા.માલપુર) વિરૂદ્ધ લૂંટ, બેન્કની કામગીરીમાં રૂકાવટનો ગુનો નોંધી તપાસ હાથ ધરતાં ફરી રાજકારણ ગરમાયું છે. આ અગાઉ માલપુર પોલીસે ધારાસભ્ય જશુભાઈ પટેલ અને તેમના સબંધીઓ વિરૂદ્ધ લૂંટ અને હુમલાનો ગુનો નોંધ્યા પછી ભાજપના યુવા પાંખના આગેવાન સામે ફરિયાદ નોંધાવતાં માલપુર તાલુકાનું રાજકારણ ગરમાયું છે.

માલપુર તાલુકામાં ભાજપ અને કોંગ્રેસ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીથી માંડી અગાઉની વિધાનસભાની પેટાચૂંટણીના હિસાબો સરભર કરવા માટે મેદાનમાં પડ્યા હોય તે રીતના બનાવો સામે આવી રહ્યા છે. ગત તા.૨૦ના રોજ ભાજપ યુવા મોરચાના કશ્યપ પટેલને માર મારી સોનાનો દોરો તેમજ રોકડ રકમ લૂંટી લીધાની ફરિયાદ માલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયા પછી ગુજરાત વિધાનસભા ગૃહમાં મામલો ગાજ્યો હતો તેના ગણતરીના કલાકોમાં જ માલપુર નાગરિક બેન્કના મેનેજરે કશ્યપ પટેલ વિરૂદ્ધ જનરલ મીટીંગમાં આવી ઉશ્કેરાઈ જઈને બિભત્સ ગાળો બોલવાની સાથે મેનેજર પાસેથી પેટાકાયદા બુક અને ઠરાવ બુક ફાડી નાખી હતી તેમજ આરોપીના પિતા હસમુખભાઈની લોન બાકી હતી જેમાં જામીનદારને કેમ નોટિસ આપી તેમ કહી મેનેજર પાસેથી ગુજરાત સહકારી એક્ટની પુસ્તિકા લઈ લીધી હતી. જેથી બેન્કના મેનેજરને ધમકી અને કામકાજમાં રૂકાવટ કરતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. માલપુર પોલીસે ગુનો નોંધી તપાસ આરંભી છે.

# પર્દાફાશ : ચાંદીના રાણીછાપ સિક્કા બતાવી સસ્તા ભાવે સોનું આપવાનું કહી લોકો સાથે છેતરપિંડી આચરતી ગેંગના બે શખ્સો ઝડપાયા

### તલોદ પોલીસ મથકે છેતરપિંડી અંગે નોંધાયેલ ફરિયાદનો ભેદ ઉકેલાયો : સાબરકાંઠા એસઓજી પોલીસે સલાટપુર ત્રણ રસ્તા પાસેથી અમદાવાદના બે શખ્સની અટકાયત કરી

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૨૫

ચાંદીના રાણીછાપ સિક્કા બતાવી ઓછી કિંમતમાં આપવાનું કહી વિશ્વાસ સંપાદન કર્યા બાદ સોનાનો હાર જમીન ખોદકામ દરમિયાન મળ્યા હોવાનું જણાવી પિત્તળનો હાર સોનાનો છે એમ કહી લોકો સાથે છેતરપિંડી આચરતી ગેંગના બે ઈસમોને સાબરકાંઠા એસઓજી પોલીસે સલાટ પુર ચાર રસ્તા ખાતેથી ઝડપી પાડી તલોદ પોલીસ મથકે છેતરપિંડી અંતર્ગત નોંધાયેલ ગુનાનો ભેદ ઉકેલ્યો હતો તેમજ આરોપીઓને ડિટેઈન કરી મુદ્દામાલના રૂ. ૮૦૦૦/-તથા મોબાઈલ નં- ૩ કિં.રૂ. ૨૦૦૦/- રિકવર કર્યા હતા અને સદર ગુના અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા ગાંધીનગર દ્વારા એ.ટી.એસ ચાર્ટરને લગતી કામગીરી કરવા આપેલી સૂચનાને પગલે સાબરકાંઠા એસ.ઓ.જી પોલીસે તલોદ પોલીસ મથકે છેતરપિંડી અંગે નોંધાયેલ ગુનાનો ભેદ ઉકેલી છેતરપિંડી આચરતા અમદાવાદ અને વડોદરાના બે ઈસમોની ધરપકડ કરી જેલના સળીયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

એ.ટી.એસ ચાર્ટર ને લગતી કામગીરી અંગે તલોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ટીમ એસ.ઓ.જી સ્ટાફ સાથે પેટ્રોલિંગ કરી રહી હતી તે દરમિયાન બાતમી મળી હતી કે તલોદ પોલીસ મથકે નોંધાયેલ છેતરપિંડીના ગુનાનો આરોપીઓ સલાટપુર ત્રણ રસ્તા પાસે આંટાફેરા મારે છે જે અંગે બાતમી વાળી જગ્યાએ તપાસ હાથ ધરતા (૧) રાજુભાઈ ચુનીલાલ સલાટ રહે. કુબેરનગર, નેહરુનગર છાપરા, ખોડીયાર માતાજીના મંદિર પાસે, સરદાર નગર , અમદાવાદ તથા (૨) પ્રભુભાઈ ધર્માભાઈ સોલંકી સલાટ રહે. સંજય નગર , શિવાજી ફળિયુ, જોગણી માતાના મંદિર પાસે , વારસિયા વડોદરાવાળા મળી આવતાં તેમની અટકાયત કરી આકરી પૂછપરછ હાથ ધરતા બંને આરોપીઓએ તલોદના લલિતભાઈને ચાંદીના રાણીછાપ સિક્કા બતાવી ઓછી કિંમતમાં આપવાનું કહી વિશ્વાસ સંપાદન કરી સોનાનો હાર જમીન ખોદકામ દરમિયાન મળ્યા હોવાનું જણાવી પિત્તળનો હાર સોનાનો કહી લલીતભાઈ તથા લોકો સાથે છેતરપિંડી કરી હોવાની કબૂલાત કરી હતી જેને પગલે તલોદ પોલીસ મથકે છેતરપિંડી અંતર્ગત નોંધાયેલ ગુનાનો ભેદ ઉકેલ્યો હતો તેમજ આરોપીઓને ડિટેઈન કરી મુદ્દામાલના રૂ. ૮૦૦૦/- તથા મોબાઈલ નં- ૩ કિં.રૂ. ૨૦૦૦/- રિકવર કર્યા હતા અને સદર ગુના અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

